# જૈન વિદ્યાલય

લેખક—**શ્રી જયંતભાઈ એમ. શાહ**

**વિદ્યાલય** શબ્દનો વિચાર કરતાંની સાથે મનમાં એક સરસ્વતીની ઉપાસના કરવા માટેના આદર્શ સ્થાનનો—વિદ્યા મેળવવા માટેના મનોહર મંદિરનો—ખ્યાલ આવી જાય છે. આવું સુંદર સ્થાન પણ જીવનમાં કેટલાંક વર્ષો માટે, કોઈકને જ, લાયકાત અને સંજોગો વચ્ચે પુણ્યયોગે મળે છે. આવા સ્થાનમાં રહેલ વિદ્યાર્થી પોતાનું ઘડતર કઈ રીતે કરે તો પોતાના જીવનને સુંદર બનાવવાની સાથે બીજાને દાખલારૂપ બની શકે ?

વિદ્યાર્થીજીવન વિદ્યાના અર્થે જ પસાર કરવાનું હોય છે. આ વિદ્યા જ પછીનાં વર્ષોમાં ધંધાકીય રીતે તેમ જ આદર્શ જીવન ગાળવામાં ઉપયોગી થાય છે. જો ખરે વખતે વિદ્યા ઉપાર્જન કરી ન હોય તો કોઈકના જીવનમાં સાંભળીએ છીએ કે ન ભણ્યો તેથી આવો ને આવો રહી ગયો ! તેથી જ વિદ્યાના અર્થે મળેલું વિદ્યાર્થીજીવન વિદ્યાર્થી નકામી બાબતોમાં વેડફી ન નાખે તે ખૂબ જ અગત્યનું છે. વિદ્યાર્થીઓના ઉત્કર્ષની આવી જ કોઈ સુંદર ભાવના અને લાગણીને કારણે આવાં વિદ્યાલયો સ્થપાય છે, અને સમાજ એને ઉદારતાપૂર્વક નિભાવે છે. એટલે આવી સંસ્થાઓનો લાભ લેનાર વિદ્યાર્થીઓનું હિત સધાય અને આર્થિક સહકાર આપનારાઓને સંતોષ થાય એ રીતે સંસ્થાને ચલાવવી એ સંસ્થાના કાર્યવાહકોની ફરજ બની જાય છે.

જ્યારે '**જૈન** વિદ્યાલય' કહેવામાં આવે છે ત્યારે **જૈન** વિદ્યાર્થી તેમાં માત્ર દાખલ થાય તેટલું જ બસ નથી; વળી, તેમાં અમુક અંશે ધર્મક્રિયાઓ થાય એ પણ પૂરતું નથી. ખરી વાત જીવનમાં ધાર્મિક ભાવના અને સંસ્કારિતા પ્રગટે અને દરેક વિદ્યાર્થી પોતાના જીવનને પવિત્ર, આદર્શ અને સુસંસ્કારી બનાવે એ ખૂબ જ અગત્યનું છે. ધર્મ અને ધર્મની ભાવના જ માનવીને દુઃખના સમયમાં સહારો આપે છે, અને સુખ-સાહ્યબીના સમયમાં છકી જતો બચાવે છે.

આવું વિદ્યાલય અને તેનું મૌલિક બંધારણ નીચેના પાયાથી જ ઘડાતું હોય છે—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧) ધર્મ**—ત્યાં અભ્યાસ કરતો વિદ્યાર્થી ધર્મને અને ધર્મની સમજણને મેળવી પોતાના જીવનના ચણતરને ઊંચે લાવવા પ્રયાસ કરતો હોય છે.

**(૨) મૂલ્યોની સમજણ**—સાચી વિદ્યા—પછી ભલે ને તે કંઈક અંશે વ્યાવહારિક જ્ઞાન હોય અને તે તેના જીવનમાં ઉપયોગી થવાનું હોય—તેનો પણ નિષ્ઠા અને સમજણપૂર્વક ઉપયોગ કરી માનવજીવનને સફળ બનાવવું અને જીવનનાં મૂલ્યો સમજવાં તે પણ તેનો હેતુ હોવો જોઈએ.

**(૩) સમયનો સદુપયોગ**—વિદ્યાર્થીજીવન, ભલે તે કોઈને જવાબદારીભર્યું ન લાગતું હોય પણ ખરી રીતે તે ખૂબ જ જવાબદારી ભર્યું છે. સમજણ અને સાવધાનીપૂર્વક કામમાં અને અભ્યાસમાં લગાવેલો પળેપળનો સમય કેટલો બધો ઉપયોગી થઈ પડે છે, તે તો આપણે આપણી સામે જ જોઈ શકીએ છીએ. આદર્શો અને સંસ્કારિતા માટે બહાર શોધ કરવાની જરૂર નથી. પ્રેરણા માટે અન્યના જીવનનો દાખલો લેવો પડે તે ઠીક છે; બાકી ખરી વાત તો પોતાનું જીવન ઉદાહરણરૂપ બને એ છે. આ વાતનો વિચાર આવતાંની સાથે વિદ્યાર્થી સમયનો દુરુપયોગ કરતો અટકશે એ સ્વભાવિક છે. મતલબ કે સમયના સદુપયોગનો ખ્યાલ વિદ્યાર્થીને સતત રહેવો જોઈએ.

**(૪) શિસ્ત**—વિદ્યાર્થીજીવનની શિસ્ત-મર્યાદાઓનું પાલન એ પણ એટલું જ અગત્યનું છે. એમનું જીવન સચ્ચરિત્રશીલ બનવાની સાથે એમનો માનસિક અને શારીરિક રીતે પણ વિકાસ થાય એ વાતનો ખ્યાલ રાખવો પણ જરૂરી છે.

**(૫) સ્વાશ્રય**—સ્વાશ્રય અને શ્રમ તરફની અભિરુચિ જીવનઘડતરમાં બહુ ઉપયોગી થઈ પડે છે. આપણા દેશની પ્રાચીન પ્રણાલિકા તો એવી હતી કે તે વખતે આશ્રમો હતા, જ્યાં ઋષિમુનિઓ વિદ્યાર્થીના ઘડતરમાં ખૂબ જ રસ લેતા અને વિદ્યાર્થીઓને સ્વાશ્રય અને શ્રમનો પાઠ ભણાવતા. અત્યારે પણ યોગ્ય ફેરફારો સાથે આની એટલી જ જરૂર છે.

આવા આદર્શ વિદ્યાર્થીઓ અને આવાં આદર્શ વિદ્યાલયોની ખોટ અત્યારે વધારે વરતાય છે. આવાં વિદ્યાલયો સાથે ભાવના અને ઉચ્ચ આદર્શો સંકળાયેલ હોય અને તેના નામ સાથે તેના ગુણો પણ પ્રકાશે તો એવી સંસ્થા સમાજનું ગૌરવ બની શકે અને સમાજનો સહકાર મેળવી શકે.

**શ્રી** મહાવીર **જૈન** વિદ્યાલય એક આદર્શ વિદ્યાલય છે. અને ભવિષ્યમાં એ વધારે ઉચ્ચ આદર્શોવાળું બનીને આપણી નવી પેઢીને વધારે સંસ્કારી અને વધારે શક્તિશાળી બનાવે, અને જૈન સમાજની વધુ ને વધુ સેવા બજાવે એ જ અભ્યર્થના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org